# પ્રેષિત આંદ્રિયા
## ફાધર વર્ગીસ પૉલ

પ્રેષિત આંદ્રિયાનું નામ ગ્રીકમાં આન્દ્રેયાસ થાય છે અને એનો અર્થ 'મર્દ', 'શૂરવીર' કે 'બહાદુર' છે. આંદ્રિયા ઈસુના પટ્ટશિષ્ય સિમોન પીતરના ભાઇ છે. પીતરની જેમ એમના ભાઇ પણ ગાલીલ પ્રાન્તના બેથસૈયદાના રહેવાસી છે.

આંદ્રિયા અને પીતરની હાકલ અંગે બે પરંપરા છે. માર્કના શુભસંદેશ મુજબ આંદ્રિયા અને પીતર ગાલીલ સરોવરમાં માછલાં પકડવા માટે જાળ નાખતા હતા ત્યારે ઈસુએ એમને બંનેને હાંક મારીને પોતાની પાછળ આવવાનું કહ્યું હતું. "ગાલીલના સરોવર પાસે થઇને જતાં જતાં ઈસુએ સિમોન તથા તેના ભાઇ આંદ્રિયાને સરોવરમાં જાળ નાખતા જોયા; કારણ, તે લોકો માછી હતા. ઈસુએ તેમને કહ્યું, 'મારી પાછળ પાછળ આવો. હું તમને માછલાંને બદલે માણસો પકડતા કરીશ.' અને તરત જ તેઓ જાળને પડતી મૂકીને તેમની પાછળ પાછળ ચાલી નીકળ્યા" (માર્ક ૧, ૧૬-૧૮).

બીજી પરંપરા મુજબ આંદ્રિયા સ્નાનસંસ્કાર યોહાનના શિષ્ય હતા. સ્નાનસંસ્કાર યોહાને ઈસુને જોઇને પોતાના શિષ્યોને બે વાર કહ્યું, "જુઓ, પેલું ઇશ્વરનું ઘેટું." ઈસુને અનુસરવાના આંદ્રિયાના પ્રસંગને યોહાને ખૂબ ચિત્રાત્મક રીતે વર્ણવ્યું છે.

"બીજે દિવસે ફરીથી યોહાન બે શિષ્યો સાથે ઊભા હતા ત્યારે ઈસુ તેમની પાસે થઇને જતા હતા. તેમના ઉપર નજર ઠેરવીને યોહાને કહ્યું, 'જુઓ, પેલું ઇશ્વરનું ઘેટું!'

"પેલા બે શિષ્યો એમને આ પ્રમાણે બોલતા સાંભળીને ઈસુની પાછળ પાછળ ગયા. ઈસુએ પાછા ફરીને જોયું તો પેલાઓ પાછળ પાછળ આવતા હતા, એટલે તેમને પૂછયું, 'તમારે શું જોઇએ છે?' તેમણે જવાબ આપ્યો, 'ગુરુજી, આપ કયાં રહો છો?'

"ઈસુએ કહ્યું, 'આવો, અને જુઓ.' એટલે તેઓએ જઇને જોયું કે તેઓ કયાં રહેતા હતા, અને બપોરના ચાર થવા આવ્યા હતા, એટલે તે દિવસે તેઓ તેમની સાથે રહી પડયા.

"યોહાનનું બોલવું સાંભળીને જે બે જણ ઈસુની પાછળ પાછળ ગયા હતા તેમાં એક સિમોન પીતરનો ભાઇ આંદ્રિયા હતો" (યોહાન ૧, ૩૫-૪૦).

આપણે આ બીજી પરંપરાને અનુસરીએ તો આપણે આંદ્રિયાને પ્રથમ 'મિશનરી' કે ઈસુના સંદેશવાહક કહી શકીએ. કારણ, ઈસુને મળ્યા પછી તરત જ તે પોતાના ભાઇ સિમોનને ઈસુ પાસે તેડી લાવે છે.

"તે પહેલાં પોતાના ભાઇ સિમોનને મળ્યો અને તેને કહ્યું, 'અમને મસીહ (એટલે કે ખ્રિસ્ત) મળ્યા છે.' તે સિમોનને ઈસુ પાસે લઇ ગયો.

"ઈસુએ તેના ઉપર નજર ઠેરવીને કહ્યું, 'તું યોહાનનો દીકરો સિમોન ને? તું કેફા (એટલે કે પીતર અર્થાત્ ખડક) નામે ઓળખાશે' " (યોહાન ૧, ૪૧-૪૨).

બાઈબલમાંના સારભૂત પુસ્તકો એટલે કે માથ્થી, માર્ક અને લૂકના પ્રથમ ત્રણ શુભસંદેશ તથા 'પ્રેષિતોનાં ચરિતો'માંના પ્રેષિતોની યાદીમાં આંદ્રિયાનું નામ છે. ત્રણેય શુભસંદેશકારોએ સિમોન અને આંદ્રિયાની હાકલનું પણ વર્ણન કર્યું છે.

પહેલા ત્રણ શુભસંદેશમાં ઈસુ આંદ્રિયા અને સિમોનના ઘરે ગયાની પણ વાત મળે છે. અહીં માકેર્ કરેલા એ પ્રસંગનું વર્ણનુ ઉતારું છું.

"પછી સભાગૃહમાંથી નીકળીને તેઓ યાકોબ અને યોહાનને લઇને સિમોન અને આંદ્રિયાને ઘેર ગયા. સિમોનની સાસુ તાવથી પથારીવશ હતી, અને તરત જ લોકોએ ઈસુને તેની વાત કરી. ઈસુએ પાસે આવીને તેને હાથ પકડીને બેઠી કરી એટલે તેનો તાવ ઊતરી ગયો, અને તે તેમની સેવા કરવા લાગી" (માર્ક ૧, ૨૯-૩૧; માથ્થી ૮, ૧૪-૧૭; લૂક ૪, ૩૮-૪૪).

બાઈબલના સંશોધકોએ બેથસૈયદામાં સિમોન પીતર અને આંદ્રિયાના પ્રથમ સદીના ઘરની જગ્યા શોધી કાઢી છે. અહીં એક વાત નોંધવાનો મને આનંદ છે કે, પવિત્ર ભૂમિ ઇસાયેલની મારી બે મુલાકાત દરમિયાન બેથસૈયદામાં એ ઘરની જગ્યાએ થાંભલા પર બાંધેલા મહાદેવાલય (બસિલિકા)ની મુલાકાત લઇને પ્રાર્થના કરવાની મને તક મળી છે.

ઈસુએ યરુશાલેમ ખાતે ભવ્ય મંદિરના સર્વનાશની આગાહી કરી હતી અને ત્રણેય પ્રથમ શુભસંદેશમાં એની વાત છે. પણ માકેર્ એ વાતમાં આંદ્રિયા સાથે ઈસુના નિકટના ચાર શિષ્યોની વાત પણ નોંધી છે.

"ઈસુ મંદિરની સામે જેતૂન પર્વત ઉપર બેઠા હતા ત્યાં પીતર, યાકોબ, યોહાન અને આંદ્રિયાએ તેમને ખાનગીમાં પૂછયું, 'અમને કહો કે આ બધું કયારે બનશે? અને આ બધું બનવાની તૈયારી છે, એની એંધાણી શી હશે?' " (માર્ક ૧૩, ૩-૪).

પરંતુ પ્રેષિત આંદ્રિયા અંગે તથા શિષ્યો વચ્ચે એમનાં વિશેષ કાયોર્ અંગે આપણને વધારે ચોક્કસ માહિતી પ્રથમ ત્રણ શુભસંદેશમાં નથી પણ ચોથા શુભસંદેશ એટલે કે યોહાનકૃત શુભસંદેશમાં મળે છે. આપણે અગાઉ કહ્ ્ું છે તેમ કેવી રીતે પ્રથમવાર આંદ્રિયા ઈસુને મળ્યા અને તેઓ કેવી રીતે પોતાના ભાઇ સિમોનને ઈસુ પાસે લઇ આવ્યા એવી બધી વિગતો આપણને યોહાનકૃત ચોથા શુભસંદેશમા જ મળે છે.

વળી, ઈસુએ પાંચ હજાર લોકોને ચમત્કારિક રીતે જમાડયાની વાત પણ આપણને ફકત યોહાનકૃત શુભસંદેશમાં મળે છે અને એ પ્રસંગે આંદ્રિયાનો ફાળો નોંધપાત્ર છે. યોહાને એ પ્રસંગનું ખૂબ સુન્દર રીતે વર્ણન કર્યું છે.

"ઈસુ ડુંગર ઉપર ચડી ગયા અને ત્યાં શિષ્યોની સાથે બેઠા. યહૂદીઓનો મુખ્ય તહેવાર પાસ્ખા પાસે આવ્યો હતો. સામે નજર કરતાં લોકોના મોટા ટોળાને પોતા તરફ આવતું જોઇને તેમણે ફિલિપને કહ્યું, 'આ લોકોને ખવડાવવા માટે આપણે રોટલા કયાંથી ખરીદીશું?'

"ફિલિપની કસોટી કરવા જ તેમણે આમ કહ્યું હતું; બાકી શું કરવું એની તેમને ખબર હતી.

"ફિલિપે જવાબ આપ્યો, 'બસો રૂપામહોરના રોટલા લાવીશું તોયે બધાને થોડો થોડોયે નહિ આવે.'

"તેમના શિષ્યોમાંના એકે, સિમોન પીતરના ભાઇ આંદ્રિયાએ, તેમને કહ્યું, 'અહીં એક છોકરા પાસે જવના પાંચ રોટલા અને બે મચ્છી છે; પણ આટલા બધામાં એનો શો હિસાબ?' " (યોહાન ૬, ૩-૯).

અહીં લગભગ પાંચ હજાર લોકોને રોટલા વહેંચી આપવામાં આંદ્રિયાનો ભાગ નોંધપાત્ર છે. કારણ, તેઓ જ "પાંચ રોટલા અને બે મચ્છી"વાળા છોકરાને ઈસુ પાસે લઇ આવે છે અને એનાથી જ ઈસુ બધાને પેટભરી જમાડે છે!

શુભસંદેશમાં આપણે આંદ્રિયાને છેલ્લી વાર યરુશાલેમમાં ઈસુના વિજયપ્રવેશ વખતે તાડપત્રના ઉત્સવના રવિવારે મળીએ છીએ. ઉત્સવના દિવસે ઈસુને મળવાની આતુરતા બતાવનાર કેટલાક ગીક લોકોને આંદ્રિયા ઈસુ પાસે લઇ જવાની વાત યોહાને સરસ રીતે કરી છે.

"ઉત્સવમાં પૂજા કરવા આવેલા લોકોમાં કેટલાક ગીકો હતા. તેમણે ગાલીલમાં આવેલ બેથસૈદાના ફિલિપ પાસે આવીને કહ્યું, 'મોટાભાઇ, અમારે ઈસુનાં દર્શન કરવાં છે.'

"ફિલિપે જઇને આંદ્રિયાને કહ્યું; આંદ્રિયા અને ફિલિપે જઇને ઈસુને વાત કરી" (યોહાન ૧૨, ૨૦-૨૨). ફરી એક વાર આપણે અહીં 'મિશનરી' આંદ્રિયાને મળીએ છીએ. તેઓ ગીક લોકોને ઈસુ પાસે લઇ આવે છે.

આંદ્રિયા વિશેની બીજી બધી માહિતી આપણને પરંપરાગત માન્યતાઓ, ઈતિહાસકાર એઉસેબીયુસે પ્રથમ સદીમાં ખ્રિસ્તીઓ અંગે નોંધેલી વાત તથા ત્રીજી સદીમાં લખાયેલા "સંત આંદ્રિયાનાં ચરિતો"માંથી મળે છે.

આ બધા સ્રોતોને આધારે આપણે કહી શકીએ કે આંદ્રિયાએ બીથિનિયા, સિન્થિયા, માસેડોનિયા તથા અચૈયામાં શુભસંદેશની ઘોષણા કરી હતી. તેઓ પોતાના પ્રેષિતકાર્ય દરમિયાન સત્તામણી અને જેલવાસ વેઠ્યો હતો અને અંતે અચૈયાના ઉત્તરપૂર્વમાં આવેલા પાત્રે ખાતે ઇસ્વી સન ૬૦માં શહીદ થયા હતા.